**Gujarat Samachar Pg 6, 20th Feb 2022**

# બિટકોઈને ૪૦ હજાર ડોલરની સપાટી ગુમાવી: ક્રિપ્ટોનો આઈસી- ૧૫ ઈન્ડેક્સ પણ ગબડ્યો

મુંબઈ, તા.૧૯

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજ પીછેહટ ચાલુ રહી હતી. બિટકોઈનના ભાવ ઘટી ૪૦ હજાર ડોલરની અંદર ઉતર્યા હતા. રશિયા-યુક્રેન વચ્ચે તણાવ ચાલુ રહેતાં શેરબજારો તથા ક્રિપ્ટો બજારોમાં ભાવ દબાણ હેઠળ જોવા મળ્યા છે. બિટકોઈનના ભાવ આજે ઉંચામાં ૪૦૭૬૩ ડોલર તથા નીચામાં ૩૯૪૭૭ ડોલર થઈ ૩૯૮૫૮થી ૩૯૮૫૯ ડોલર રહ્યા હતા. ઈથરના ભાવ ઘટી ૨૭૨૭થી ૨૭૨૮ ડોલર રહ્યા હતા. અન્ય સ્મોલ કેપ ક્રિપ્ટો પર નરમ રહી હતી. ક્રિપ્ટો વાયરનો આઈસી- ૧૫ ઈન્ડેક્સ આજે ૧૮૦૦ પોઈન્ટ ગબડી નીચામાં ૫૭૪૧૭ થઈ ૫૭૭૨૮ રહ્યાના નિર્દેશો હતા. દાઉદ ઈબ્રાહિમે ક્રિપ્ટો કરન્સીઓમાં રસ લેવાનું શરૂ કર્યાની ચર્ચા વૈશ્વિક ક્રિપ્ટો બજારમાં સંભળાઈ હતી.